અપીલ અરજી નં.૪૧૦ તા.૨૩–૩–૦૯

અરજદાર: શ્રી મારૂતીભાઈ સાળાપ્પા હાકે
સામાવાળા: કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મારૂતીભાઈ સાળાપ્પા હાકે ની તા.૨૪–૧૨–૦૮ ની અરજીથી તા.૨૬–૮–૦૮ ના સાઉથઝોન ધ્વારા રામેશ્વરનગરમાં થયેલ ડીમોલીશન અંગેની માહિતી. કયાં કેટલા ફૂટ, કોનું અને કેવું બાંધકામ કોણે તોડયું તથા વસુલેલ દંડ–વહીવટી ખર્ચ તેમજ અગાઉ તેમને અપાયેલ નોટીસ વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૦ /૨૦૦૮–૦૯

શ્રી મારૂતીભાઈ સાળાપ્પા હાકે ની તા.૨૪–૧૨–૦૮ ની અરજીથી તા.૨૬–૮–૦૮ ના સાઉથઝોન ધ્વારા રામેશ્વરનગરમાં થયેલ ડીમોલીશન અંગેની માહિતી. કયાં કેટલા ફૂટ, કોનું અને કેવું બાંધકામ કોણે તોડયું તથા વસુલેલ દંડ–વહીવટી ખર્ચ તેમજ અગાઉ તેમને અપાયેલ નોટીસ વિગેરેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.૭૬૦૫ તા.૧૭–૧–૦૯ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૧ તા.૩૦–૩–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન/આ.નં.૧૧૦ તા.૬–૪–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૪–૧૨–૦૮ ની અરજીથી તા.૨૬–૮–૦૮ ના સાઉથઝોન ધ્વારા રામેશ્વરનગરમાં થયેલ ડીમોલીશન અંગેની માહિતી. કયાં કેટલા ફૂટ, કોનું અને કેવું બાંધકામ કોણે તોડયું તથા વસુલેલ દંડ–વહીવટી ખર્ચ તેમજ અગાઉ તેમને અપાયેલ નોટીસ વિગેરેની માહિતીની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સા.ઝોન/ટેક./ આ. ૭૬૦૫ તા.૧૭–૧–૦૯ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે દિન–૩૬ ના વિલંબથી અપીલ અરજી કરી જે અંગે પ્રચલિત સોસાયટીના લે આઉટ મુજબ પ્લોટ નં.૧૬૭ ૧ ૬૮ ના ભાગે આવેલ ગલીનું ૫ ફુટ (બંને તરફ ૨.૫ + ૨.૫ ) નું બાંધકામ દુર કરવામાં આવેલ નથી. તેમજ રામેશ્વરનગરમાં થયેલ ડીમોલેશન અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ નથી તેવી અપીલમાં રજુઆત કરેલ છે. પરંતુ તે અંગે અપીલ તબકકે અરજી પશ્ચાત તા.૩૦–૩–૦૯ થી ખોટી માહિતી અંગે કરેલ દાવાના સમર્થનમાં પત્ર પાઠવ્યા છતાં કોઈ આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી. આ સંજોગોમાં અપીલ અરજી ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં આરટીઆઈના કાયદાના હાર્દને ધ્યાનમાં રાખીને અપીલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી "મોજે બમરોલીના બ્લોક નં.૨૪૫ માં આવેલ રામેશ્વરનગરના પ્લોટ નં.૧૬૪ થી ૧૬૮ અને ૧૧૩ થી ૧૧૭ ના પાછળના ભાગે આવેલ ગટરગલીમાં થયેલ બાંધકામ બાબતે વારંવાર ફરીયાદો આવતી હતી જેથી પ્રવર્તમાન લે આઉટ પ્લાન મુજબ ગટરગલીના બંને તરફના ૫ ફુટના માપ મળી ૧૦ ફુટની ગટરગલીમાં થયેલ ગટરને અવરોધતા આશરે ૬૦૦ ચો. ફુટના બાંધકામોને દુર કરવામાં આવેલ છે." આ રીતે રામેશ્વરમાં થયેલ ડીમોલેશાન અંગેની પ્રેસનોટની નકલ તથા નોટીસની નકલ પૂરક વિગતોમાં અત્રે પૂરી પડાયેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૪–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ તથા અરજદારની અપીલ સમય મર્યાદા બહારની વિલંબના વાજબીપણા વિનાની હોઈ અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

અરજદાર ઈચ્છે તો અલગ અરજી આપી લાગત દફતરનું ઈન્સ્પેકશન જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મેળવવા સ્વતંત્ર છે. જે અંગે કાયદા અને નિયમોનુસારની ફી અરજદારે ભરપાઈ કરવાની રહે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મારૂતીભાઈ સાળાપ્પા હાકે